सत्यमेव जयते

**Exhibit :- 37**

| | |
|---|---|
| રજુ તારીખ : | ૧૪/૦૬/૨૦૧૭ |
| દાખલ તારીખ : | ૧૪/૦૬/૨૦૧૭ |
| ફેસલ તારીખ : | ૧૮/૦૨/૨૦૨૫ |
| સમયગાળો : | વર્ષ : માસ : દિવસ |
| | ૦૭–૦૮–૦૪ |

---

## કલોલ ખાતેની મજૂર અદાલતનાં પ્રમુખ અધિકારી
## શ્રી એસ.કે.સોલંકી સમક્ષ

---

**Ref.T(L.C.) Case no.21/2017.**

**પ્રથમ પક્ષકાર :–** (૧) **વ્યવસ્થાપકશ્રી,**

**સિન્ટેક્ષ ઈન્ડસ્ટ્રીઝ પ્રા.લી.(પ્લાસ્ટીક ડીવીઝન)**

રેલ્વે પુર્વે નજીક સાત ગરનાળા નજીક,

તા.કલોલ, જી.ગાંધીનગર.

(૨) **કોન્ટ્રાકટરશ્રી,**

**અશોક દુબે, હરી ઓમ એન્ટરપ્રાઈઝ**

શેઠ કોમ્પલેક્ષ, બીજો માળ,

બળીયાદેવ મંદિર પાસે, વર્ક શોપ હાઈવે,

કલોલ, તા.કલોલ, જી.ગાંધીનગર.

**વિરૂધ્ધ**

**બીજા પક્ષકાર :–** **ઠાકોર રણજીતજી પુંજાજી**

શીવકૃપા શોપીંગ, મુ.બોરીસણા,

મુ.કલોલ, જી.ગાંધીનગર.

સી/ઓ નવજયોત ઓલ ગુજરાત લેબર યુનિયન,

સીવીલ કોર્ટ સામે, મુ.તા.કડી, જી. મહેસાણા.

---

**હાજર રહયા :–** **પ્રથમ પક્ષકાર તરફે નં. ૧ તરફે વિ.વ.શ્રી જે.એલ.દેસાઈ**

**પ્રથમ પક્ષકાર તરફે નં. ૨ તરફે વિ.વ.શ્રી એન.વી.જોષી**

**બીજા પક્ષકાર તરફે વિ.પ્ર.શ્રી એ.આર.શાહજાદા**

---

**–:: એવોર્ડ ::–**

1. હાલની ઔદ્યોગીક તકરાર ન્યાય નિર્ણય માટે અત્રેની શ્રમ અદાલતને મદદનીશ શ્રમઆયુકત, મહેસાણા તરફથી પત્રનં.કે.એચ./એસ.એચ.એમ.સી./એ.જે. ૪૧/૨૦૧૭ તા. ૦૭/૦૧/૨૦૧૭ ના રોજ મોકલવામાં આવેલ જેની અનુસૂચિ નીચે પ્રમાણે છે:

:: અનુસૂચિ ::

'' શ્રી **ઠાકોર રણજીતજી પુંજાજી** ને પડેલા દિવસોનાં પગાર સહિત નોકરીનાં મુળ જગ્યાએ પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ ?''

2. સદર રેફરન્સ કેસ અત્રેની કોર્ટને સુપ્રત કરવામાં આવ્યા બાદ બીજા પક્ષકારને નોટીસ મોકલતાં સદર નોટીસની બજવણી થઈ ગયેલ હોય તેઓએ આંક-૧૦ થી માંગણાનું નિવેદન રજુ કરેલ છે તેમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, તેઓની નોકરીમાં ભરતી પ્રથમ પક્ષકાર નં.૧ એ કરેલી. અમો બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર નં.૧ કંપનીમાં તા.૧/૮/૨૦૧૧ થી કાયમી ખાલી પડેલી જગ્યા ઉપર કાયમી કામદાર તરીકે સતત અને સળંગ ફરજ બજાવતા આવેલા છીએ. અમો બીજા પક્ષકારે ૪ વર્ષ પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થામાં ખંત અને વફાદારીપુર્વક ફરજ બજાવેલ છે. અમોએ દરેક વર્ષમાં ૨૪૦ થી વધુ હાજરી પુર્ણ કરેલ છે અને અમારો નોકરી દરમ્યાનનો સર્વિસ રેકર્ડ ચોખ્ખો અને કલંક રહિત હતો.

3. વધુમાં તેઓનું કથન છે કે, પ્રથમ પક્ષકાર નં.૧ એ તા.૧/૮/૨૦૧૧ ના રોજ ભરતી કરેલ તેની નોકરીની શરતો બાબતનો કે ચોકકસ વર્ગીકરણ કરતો નિમણુંક પત્ર આપેલ નથી કે પ્રથમ પક્ષકાર નં. ૨ પાસે અપાવેલ નથી. ભુતકાળમાં કરારી કામદારોને કંપનીના કામદાર તરીકે લેવામાં આવેલ હોય અમો બીજા પક્ષકાર તથા સાથી કામદારો તરફથી પ્રથમ પક્ષકાર નં.૧ ના કામદાર ગણવાની માંગણી કરતા તા.૧૨/૨/૨૦૧૬ ના રોજ કોઈ પણ જાતના વાંક કે ગુના વગર કામ આપવાનો ઈન્કાર કરી બીજા પક્ષકારને નોકરીમાંથી મૌખિક હુકમથી છુટા કરી દીધેલ છે.

4. વધુમાં તેઓનુ કથન છે કે, નોકરીમાંથી છુટા કરતા અગાઉ પ્રથમ પક્ષકાર નં. ૧ કે ૨ નાઓએ છુટા કરતા અગાઉ કોઈ પણ જાતની નોટીસ, નોટીસ પગાર કે કાયદેસરના હકકોની રકમ ચુકવી આપેલ નથી કે સસ્પેન્શન હુકમ કે સસ્પેન્શન એલાઉન્સ ચુકવી આપેલ નથી કે કોઈ પણ જાતની ખાતાકીય તપાસ હાથ ધરેલ નથી.

5. વધુમાં તેઓનું કથન છે કે, પ્રથમ પક્ષકારોએ અમોને મૌખિક હુકમથી છુટા કરતા અમો બીજા પક્ષકાર તથા સાથી કામદારોએ નોટીસ આપી નોકરીમાં પરત લઈ લેવા વિનંતી કરેલ છે તેમ છતાં નોકરીમાં લીધેલ નથી તેમજ અમો બીજા પક્ષકાર તથા સાથી કામદારોએ પ્રથમ પક્ષકાર નં.૧ સામે કાનુની કાર્યવાહી કરવા તેમજ કોન્ટ્રાકટ લેબરનો દુરુપયોગ રોકવા ફેકટરી મેનેજરશ્રી, ગાંધીનગર, સરકારી મજુર અધિકારીશ્રી કલોલ, આસીસ્ટન્ટ કમિશ્નર ઓફ લેબર, મહેસાણા વિગેરે ઓથોરીટીઓ વિરુધ્ધ નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ સ્પે.સી.એ. ૧૨૧૦૨/૨૦૧૬ દાખલ કરેલ જેમાં નામદાર હાઈકોર્ટ ધ્વારા તા.૩૧/૮/૨૦૧૬ ના રોજ ઓરલ ઓર્ડર પસાર કરી કન્સર્ન કોર્ટ અને કન્સર્ન ઓથોરીટી સમક્ષ લેબર લો અને કોન્ટ્રાકટ એકટ હેઠળ કાર્યવાહી કરવાની લીબર્ટી આપેલ છે.

6. વધુમાં તેઓનું કથન છે કે, અમો બીજા પક્ષકારને પુન:સ્થાપિત નહી કરતા અમોએ મદદનીશ મજુર કમિશ્નર સાહેબશ્રી, મહેસાણા સમક્ષ ફરીયાદ કરેલ જેની સમાધાન કાર્યવાહીમાં તેઓ હાજર રહેલ નથી અને તા.૩/૫/૨૦૧૭ ના રોજ જવાબ રજુ કરનાર ઓથોરીટીનો કોઈ નામ કે હોદ્દો જણાવેલ નથી. તેમજ નોકરીમાં પુન:સ્થાપિત કરવા બાબતની કોઈ હકીકત જાહેર કરેલ નથી ફકત જવાબ રજુ

કરવાની ફોર્માલીટી પુરી કરેલ છે. જયારે પ્રથમ પક્ષકાર નં.ર એ તા.૧૭/૫/૨૦૧૭ ના રોજ તેઓનું નિવેદન રજુ કરેલ છે કે, નોકરીમાં પુનઃસ્થાપિત થવાની માંગણી કે ફરીયાદ કરેલ છે તે ચાલી શકે તેમ નથી અને રદ થવાને પાત્ર છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે, અરજદાર સ્વેચ્છાએ ફરજ ઉપર આવવાનું બંધ કરેલ છે પરંતુ પ્રથમ પક્ષકાર નં.ર કોન્ટ્રાકટરે આવી કોઈ નોટીસ કયારેય પણ અમો બીજા પક્ષકારને આપેલ નથી. વધુમાં તેઓએ જણાવેલ છે કે, અમારી કામગીરી ઓર્ડર આધારિત છે અને ઓર્ડર ઓછા હોય કેટલાક કામદારોને ઓફીસનો સંર્પક સાધવા જણાવેલ પરંતુ અરજદારે સંપર્ક સાધેલ નહી. આ બાબતે કોન્ટ્રાકટરે કોઈ પુરાવા રજુ કરેલ નથી કે કયારેય પણ અમોને ઓછા ઓર્ડરની કે ઓફીસે સંપર્ક કરવા બાબતના કોઈ પત્ર લખેલ નથી.

7. વધુમાં તેઓનું કથન છે કે, નોકરીમાંથી છુટા કરતા અન્ય જગ્યાએ નોકરી મેળવવા પ્રયત્નો કરવા છતાં કયાંય નોકરી મળેલ નથી. પ્રથમ પક્ષકારોએ અમોને બેકાર બનાવી દીધેલ છે અને અમારા સમગ્ર કુટુંબને પણ ખુબ જ મોટા આર્થિક નુકસાનમાં ઉતારેલા છે.

8. વધુમાં તેઓનું કથન છે કે, પ્રથમ પક્ષકાર નં. ૧ કંપની ખુબ જ મોટી કંપની છે અને કરોડો રૂપિયાનું ટર્ન ઓવર ધરાવતી કંપની છે જયારે અમો ગરીબ શ્રમજીવી હોઈ પડેલા દિવસોના ૧૦૦ ટકા પગાર વ્યાજ સહિત મેળવવા હકકદાર હોય પ્રથમ પક્ષકારો પાસેથી અપાવવા અરજ કરેલ છે તેમજ નીચે મુજબની દાદ માંગેલ છે.

એ. આ પ્રથમ પક્ષકારોનો નોકરીમાંથી છુટા કરવાનો હુકમ ગેરકાયદેસરનો છે તેમ ઠરાવશોજી.

બી. અમો બીજા પક્ષકારને પડેલા દિવસોના પુરેપુરા પગાર સહિત મુળ જગ્યા ઉપર સળંગ સર્વિસથી નોકરીમાં પુન:સ્થાપિત કરવાનો પ્રથમ પક્ષકાર નં.૧ પ્રિન્સીપાલ એમ્પ્લોયર વિરુધ્ધ હુકમ ફરમાવશોજી અથવા આપ નામદાર સાહેબને જે રીતે વ્યાજબી લાગે તે પ્રથમ પક્ષકાર વિરુધ્ધ હુકમ કરશોજી.

સી. ઉપરોકત વળતરની રકમ વ્યાજ સહિત અપાવશોજી.

ડી. આપ નામદાર સાહેબને બીજી જે યોગ્ય અને વ્યાજબી લાગે તે દાદ પ્રથમ પક્ષકારો પાસેથી અપાવશોજી.

9. હાલના કામે આંક–૧૪ થી પ્રથમ પક્ષકાર નં.૨ તરફે લેખિત જવાબ રજુ કરવામાં આવેલ છે તેમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, અમો પ્રથમ પક્ષકાર નં.૨ ને આ કામના પ્રથમ પક્ષકાર નં. ૧ ધ્વારા તેમની સંસ્થામાં કામગીરી હાથ ધરવા સંદર્ભે કોન્ટ્રાકટ એનાયત કરવામાં આવેલ જેના અનુસંધાનેઅ મારા ધ્વારા ધી કોન્ટ્રાકટ લેબર એકટ ૧૯૭૦ અન્વયે લાયસન્સ મેળવવાની કાર્યવાહી હાથ ધરેલ અને જે તે સમયે સદર લાયસન્સ કોન્ટ્રાકટ લેબર એકટ હેઠળના સમક્ષ અધિકારી ધ્વારા અમોને આપવામાં આવેલ કામગીરી બાબતની ઝીણવટભરી તપાસ કર્યા બાદ આપેલ. આ કામના બીજા પક્ષકારને અમારા કોન્ટ્રાકટમાં અમારા ધ્વારા કામે રાખવામાં આવેલ. બીજા પક્ષકારને તેમના ધ્વારા અમારા કોન્ટ્રાકટમાં કરેલ કામગીરી સંદર્ભે અમારા ધ્વારા પગારની ચુકવણી કરવામાં આવતી હતી તથા તેઓના કામકામજ ઉપર દેખરેખ, સુપરવીઝન અને કંટ્રોલ પણ અમારો રહેતો હતો. આ ઉપરાંત તેમના પગારમાથી પી.એફ. તેમજ ઈ.એસ.આઈ. હેઠળની કરવી

પડતી કાયદેસરની કપાત કરી અમો અમારા કોડમાં જમા કરાવતા હતા. જે તે સમયે અમારા કોન્ટ્રાકટની કામગીરી પ્રથમ પક્ષકાર નં.૧ ધ્વારા અમોને આપવામાં આવતા ઓર્ડર પર આધારિત હોઈ તે મુજબ અમારા હાથ નીચે કામ કરતા કામદારોને કામની સોંપણી કરતા હતા.

10. વધુમાં તેઓનું કથન છે કે, અમો બીજા પક્ષકારને જે તે સમયે ઉપલબ્ધ કામ આપવા તૈયાર હતા અને જો અમારી પાસે પ્રથમ પક્ષકાર નં.૧ ના પુરતા ઓર્ડર ન હોય તો તે સંજોગોમાં અમારા અન્ય જગ્યાએ ચાલતા કોન્ટ્રાકટમાં પણ બીજા પક્ષકારને કામની સોંપણી કરવા તૈયાર હતા પરંતુ બીજા પક્ષકાર અન્ય જગ્યાએ કામે જવા તૈયાર ન હતા અને તેઓ પોતાની સ્વેચ્છાએ કામે આવવાનું બંધ કરી દીધેલ અને ખોટી રીતે મજુર કમિશ્નરની કચેરીમાં પુન:સ્થાપિત થવાની ફરીયાદ દાખલ કરેલ. સદરહું સમાધાનની કાર્યવાહી દરમ્યાન અમોએ સાચી હકીકતો જણાવેલ તથા તે બાબતનો લેખિત પત્ર પણ સમાધાન અધિકારી સમક્ષ રજુ કરેલ અને તેની નકલ બીજા પક્ષકારને સુપ્રત કરેલ. આ તમામ હકીકતોના સંદર્ભે બીજા પક્ષકારને અલગથી નોટીસ આપવાનો કે પત્રો લખવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થયેલ ન હતો. વધુમાં તેઓનું કથન છે કે, સમાધાન અધિકારી સમક્ષ તે બાબતની પણ ચર્ચા થયેલ કે કોન્ટ્રાકટર તરીકે અમારી કામગીરી સદર કોન્ટ્રાકટ હેઠળ મળવાપાત્ર ઓર્ડર આધારિત હોઈ તથા જો કોઈ સંજોગોમાં પ્રિન્સીપાલ એમ્પ્લોયર તરફથી કામગીરી ન મળે તો કામદારને રોજગારી જળવાઈ રહે તેવા શુભ આશયથી અમો તેમને અમારા અન્ય કંપનીમાં ચાલતા કોન્ટ્રાકટમાં કામની સોંપણી કરીને પણ તેમનું જીવન નિર્વાહ ટકાવી રાખવા પુરેપુરી મદદ કરવાની

તૈયારી બતાવેલ પરંતુ બીજા પક્ષકાર ધ્વારા તેનો સ્પષ્ટપણે ઈન્કાર કરી માત્ર ને માત્ર પ્રથમ પક્ષકાર નં.૧ ના કાયમી કામદાર બનવાની જીદ પકડેલ છે. આમ જયારે બીજા પક્ષકાર ધ્વારા પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થા વિરુઘ્ધ જ પુન:સ્થાપિત જવા સહિતની દાદ માંગલ હોય અને પ્રથમ પક્ષકાર નં.ર વિરુઘ્ધ કોઈ દાદ માંગેલ ન હોય સદર રેફરન્સ પ્રથમ પક્ષકાર નં. ર વિરુઘ્ધ રદ થવાને પાત્ર ઠરે છે તેમ જણાવેલ છે.

11. હાલના કામે આંક–૩૩ થી પ્રથમ પક્ષકાર નં.૧ તરફે લેખિત જવાબ રજુ કરવામાં આવેલ છે તેમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, અગાઉના મેનેજમેન્ટ વિરુઘ્ધ ધી આઈ.બી.કોડ નીચે નામદાર નેશનલ કંપની લો ટ્રીબ્યુનલ સમક્ષ દાખલ કરેલ કેસમાં નામદાર નેશનલ કંપની લો ટ્રીબ્યુનલ ધ્વારા તા.૧૮/૧૨/૨૦૨૦ ના રોજ પસાર કરેલ. આમ અગાઉના મેનેજમેન્ટ વિરુઘ્ધ સી.આઈ.આર.પી. હેઠળ ની કાર્યવાહી હાથ ધરવાની પ્રક્રિયા ચાલુ થયેલ. આમ તે સમય દરમ્યાન સંસ્થાનું મેનેજમેન્ટ સસ્પેન્ડ થયેલ અને સંસ્થાનો વહીવટ નામદાર નેશનલ કંપની લો ટ્રીબ્યુનલના સદર હુકમથી આઈ.આર.પી. ના હાથમાં આવે.

12. વધુમાં તેઓનું કથન છે કે, ધી ઈન્સોલવન્સી એન્ડ બેંક કરપ્ટસી કોડ ૨૦૧૬ ની કલમ–૧૪ મુજબ સી.આઈ.આર.પી. હેઠળ એડમીટ કરેલ. ત્યારબાદ કલમ–૧૪ મુજબ જાહેર જનતાની જાણ માટે જરૂરી રેઝોલ્યુશન પ્રોસેસની જાહેરાત કરવામાં આવેલ. શ્રી કેતુલભાઈ પટેલની આઈ.આર.પી. તરીકે નિમણુંક કરવામાં આવેલ. જેમના બાદ શ્રી આશીષભાઈ છાવછરીયાની આર.પી. તરીકે નિમણુંક કરેલ.

આર.પી. ધ્વારા કોર્પોરેટ ઈન્સોલવન્સી રેઝોલ્યુશન પ્રોસેસ આગળ ધપાવવામાં આવેલ. આ દરમ્યાન જે કોઈ પણ સંસ્થાના લેણદારો કે સંસ્થા પાસેથી કોઈ પણ જાતની માંગણી કે દાદ કે કોઈ કેસ કે રજુઆત હોય તેઓએ તેમનો કલેઈમ આ પ્રોસેસ દરમ્યાન નોંધાવી દેવાનો હતો. આ કામના બીજા પક્ષકારે અગાઉ કોઈ પણ જાતની માંગણી કે કલેઈમ આ પ્રોસેસ દરમ્યાન નોંધાવી દાનું અમો સંસ્થાની જાણમાં નથી. આમ અમો અરજદારે તેઓનો કલેઈમ અમારી જાણ મુજબ નામદાર નેશનલ કંપની લો ટ્રીબ્યુનલ સમક્ષ દાખલ કરેલ કેસ દરમ્યાન આઈ.આર.પી. કે આર.પી. સમક્ષ નોંધાવેલ નથી. આમ જે કોઈ ક્રેડીટર્સ કે લેણદારો કે જેઓની માંગણી નોંધાયેલ હોય તેની માહિતી કલમ–૩૦ હેઠળના પ્લાનમાં હોય જ અને તેની આગળ કાર્યવાહી ચાલી જતાં કલમ–૩૦ હેઠળ એપ્રુવ થયેલ રેઝોલ્યુશન પ્લાનમાં જેનો ઉલ્લેખ હોય તેવા તમામ લેણદારોને ધી ઈન્સોલવન્સી એન્ડ બેંકકરપ્ટસી કોડ,૨૦૧૬ ની જોગવાઈઓ મુજબ તેમના વરાળે પડતાં નાણાંની માહિતી તૈયાર કરવામાં આવેલ. આમ, જે તે રેઝોલ્યુશન પ્લાન નામદાર નેશનલ કંપની લો ટ્રીબ્યુનલ સમક્ષના કેસના રેકર્ડ પર આવેલ.

13. વધુમાં તેઓનું કથન છે કે, નામદાર નેશનલ કંપની લો ટ્રીબ્યુનલ સમક્ષ દાખલ કેસ આગળ ચાલી જતાં સદરહું કેસમાં નાદમાર નેશનલ કંપની લો ટ્રીબ્યુનલ ધ્વારા તા.૧૭/૦૩/૨૦૨૩ ના રોજ હુકમ પસાર કરેલ અને સદરહું ચુકાદાના પાના નં. ૧૭ ના પેરા–૨૦ માં જરૂરી ડાયરેકશન આપેલ. જે મુજબ હાલના નવા મેનેજમેન્ટ પર અગાઉની સંસ્થાની જવાબદારીઓનો બોજો નાખી શકાય નહી. તદઉપરાંત અગાઉના મેનેજમેન્ટના પર થયેલ હાના કેસ સહિત તમામ કેસના

અરજદારોએ તેમના લેણા વિગેરે બાબતે ઉપર જણાવેલ ઈન્સોલવન્સીની પ્રોસેસ દરમ્યાન તેમની કોઈ રજુઆત કરેલ ન હોય કે તેમના લેણાંનો હિસાબ સદરહું પ્લાનમાં ન થયેલ હોય ત્યારે તેમના અગાઉના મેનેજમેન્ટ સામે કરેલા કેસો કે તેમાંથી હાલના મેનેજમેન્ટ પર પડતો બોજો હાલની સંસ્થા વિરુધ્ધ ચાલી શકે તેમ નહી અને તેથી કાયદાના પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો મુજબ હાથ પરનો કેસ અમો નવા મેનેજમેન્ટ વિરુધ્ધ ચાલી શકે તેમ ન હોય તે રદ કરવા અને ડીસ્પોઝ ઓફ કરવા અરજ કરેલ છે.

14. વધુમાં બીજા પક્ષકાર તરફે આંક-૧૬ થી સરતપાસનું સોગંદનામુ રજુ કરેલ છે પરંતુ ત્યારબાદ તેઓ હાજર ન રહેતાં તા.૨૩/૦૮/૨૦૨૪ ના પ્રોસીડીગ્સ મુજબ તેઓનું સોગંદનામુ ડીસ્કાર્ડ કરવામાં આવેલ છે.

15. હાલના કામે બીજા પક્ષકાર તરફે આંક-૧૫ થી નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

| | | |
|---|---|---|
| 1. | માર્ક-૧૫/૧ | નમુનારૂપ સ્થાયી હુકમના સ્થાયી હુકમ નં.૩ માં કાયમી કામદારોની આપેલ વ્યાખ્યા બતાવતા સ્થાયી હુકમની નકલ. |
| 2. | માર્ક-૧૫/૨ | અમો બીજા પક્ષકાર અને અન્ય કામદારોએ નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ દાખલ કરેલ સ્પે.સી.એ.નં. ૧૨૧૦૨/૨૦૧૬ માં તા.૩૧/૮/૨૦૧૬ ના રોજ કરેલ ઓરલ ઓર્ડરની નકલ. |

3. માર્ક–૧૫/૩ અમો બીજા પક્ષકારના આઈ કાર્ડની નકલ.

4. માર્ક–૧૫/૪ અમો બીજા પક્ષકારના ઈ.એસ.આઈ. કાર્ડની નકલ.

5. માર્ક–૧૫/૫ અમો બીજા પક્ષકારની પ્રો.ફંડની સ્લીપની નકલ.

16. હાલના કામે પ્રથમ પક્ષકાર નં.૧ તરફે આંક–૩૪ થી તેઓ વધુ કોઈ પુરાવા રજુ કરવા માંગતા નથી તે મતલબની પુરસીસ રજુ કરેલ છે.

17. હાલના કામે પ્રથમ પક્ષકાર નં.૨ તરફે આંક–૩૫ થી તેઓ વધુ કોઈ પુરાવા રજુ કરવા માંગતા નથી તે મતલબની પુરસીસ રજુ કરેલ છે.

18. હાલના કામે રેકર્ડ વંચાણે લઈ ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદા કાઢવામાં આવે છે:

➢ મુદાઓ:–

(૧) શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે તેઓને પ્રથમ પક્ષકાર સંસ્થા ધ્વારા ગેરકાયદેસર રીતે છુટા કરેલ છે.?

(૨) શું બીજા પક્ષકાર તેમના પડેલા દિવસોના પગાર સહીત નોકરીમા મુળ જગ્યાએ પુન:સ્થાપનની દાદ મેળવવા હકદાર છે ?

(૩) શું હુકમ ?

➢ ઉપરોકત મુદાઓના મારા જવાબો નીચે પ્રમાણે છે:

૧) મુદા નં.૧ ''નકારમાં''

૨) મુદા નં. ૨ '' નકારમાં ''

૩) મુદા નં. ૩ આખરી હુકમ મુજબ.

19. કેસનું રેકર્ડ વંચાણે લેતાં એ હકીકત સ્પષ્ટ છે કે બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સામે શ્રમ આયુકત કચેરીમાં ફરિયાદ દાખલ કર્યા બાદ સદર રેફરન્સ અત્રેની કચેરીને ન્યાય નિર્ણય કરવા માટે મોકલ્યા બાદ બંને પક્ષકારોને નોટીસ કાઢતાં નોટીસ બીજા પક્ષકાર તરફે માંગણાનું નિવેદન રજુ કરવામાં આવેલ છે તેમજ બીજા પક્ષકારનું સોગંદનામુ રજુ કરવામાં આવેલ છે પરંતુ બીજા પક્ષકાર ઉલટ તપાસ સારૂ હાજર ન રહેતા તેઓનું સોગંદનામુ ડીસ્કાર્ડ કરવામાં આવેલ છે ત્યારે સદર હકીકત સંબંધે ખંડનાત્મક પુરાવા આપવાની પ્રથમ પક્ષકારની કોઈ જવાબદારી રહેતી નથી. વધુમાં હાલના કામે પ્રથમ પક્ષકાર નં.૧ તરફે કેસ ડીસ્પોઝ ઓફ કરવા કરવાની અરજી આપેલ જે નામદાર કોર્ટ ધ્વારા નામંજુર કરતાં પ્રથમ પક્ષકાર નં.૧ ધ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં અપીલ કરતાં નામદાર હાઈકોર્ટ ધ્વારા પ્રથમ પક્ષકાર નં.૧ પુરતો મનાઈ હુકમ આપવામાં આવેલ છે. વધુમાં હાલનું કામ બીજા પક્ષકારના પુરાવા ઉપર છેલ્લા ઘણાં સમયથી ચાલતુ આવેલ હોય બીજા પક્ષકાર કોર્ટમાં હાજર ન રહેતા હોય બીજા પક્ષકારના પ્રતિનિધિ તરફે **આંક–૩૬** થી તા.૨૧/૧૧/૨૦૨૪ ના રોજ અરજી આપી બીજા પક્ષકારને હાજર રાખવાની ખાત્રી આપેલ પરંતુ તેમ છતાં તેઓ બીજા પક્ષકારને હાજર રાખી શકેલ નથી. વધુમાં બીજા પક્ષકારની ગેરહાજરીના કારણે સદર કેસમાં હુકમ કરવાથી પ્રથમ પક્ષકારને કોઈ નુકસાન જાય તેમ નથી. આમ, ઉપરોકત રીતે બીજા પક્ષકાર તરફથી મૌખિક દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ ન હોવાથી બીજા પક્ષકારનો રેફરન્સ કેસ મંજુર થવાને પાત્ર ન

હોઈ **મુદા નં. ૧** તથા **મુદા નં.૨** નો નિર્ણય **નકારમાં** આપી **મુદા નં. ૩** અન્વયે ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-: <u>હુ ક મ</u> :-**

(૧) બીજા પક્ષકારનો રેફરન્સ કેસ બીજા પક્ષકારની ગેરહાજરીના કારણે તથા તેમના પુરાવાના અભાવે રદ કરવામાં આવે છે.

(૨) કેસના સંજોગો ધ્યાને લઈ ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

(૩) લેબર કોર્ટની રજિસ્ટ્રી દ્વારા લેબર કોર્ટ ( પદ્ધતિ અને કાર્ય પદ્ધતિ) નિયમો 1947 અનવ્યના પ્રકરણ 8 ના નિયમ 32 ની જોગવાઈ મુજબ સંબંધિત પક્ષકારોને હુકમની નકલ આપવા અંગે નિયમ અનુસારની કાર્યવાહી કરવી.

Kalol [Sureshkumar Karshanbhai Solanki]

Date: 18/02/2025. Judge, (Labour Court), Kalol.

Judge Code :GJ -01299.

STENO-H.P.PARMAR